GJSR
100000632026

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૮/૦૨/૨૦૨૬ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૧૮/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૫/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન<br>૦૦ ૦૨ ૧૬ |

**ફોજદારી કેસ નં. ૫૮/૨૦૨૬**
**ચુકાદો આંક–**

## –:: નમૂના – એ ::–

| | |
|---|---|
| **ઉમરપાડાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરપાડા, જિ.સુરત.** | |
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | બી.એન.એસની કલમ– ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજિ.નં.૧૧૨૧૪૦૦૨૨૫૦૪૮૦/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ઉમરપાડા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે રજૂઆત | વિ.એપીપીશ્રી એસ.જે.વસાવા. |
| આરોપી | **(૧) ધનસુખભાઈ મકનજીભાઈ વસાવા**<br>રહે. સટવાણ ગામ, ગમાણ ફળીયું, તા.ઉમરપાડા, જી. સુરત. |
| | **(૨) ધર્મેન્દ્રભાઇ ધનસુખભાઇ વસાવા**<br>રહે. સટવાણ ગામ, ગમાણ ફળીયું, તા.ઉમરપાડા, જી. સુરત. |
| બચાવપક્ષ તરફે રજૂઆત | વિ.વકીલશ્રી જી. ડી. વસાવા |

## –:: નમૂના – બી ::–

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧/૧૨/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૧/૧૨/૨૦૨૫ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૧૮/૦૨/૨૦૨૬ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૨૮/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૪/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

## :: આરોપીની વિગત ::

| અનુ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવા માં આવેલ સજા | ફો.કા. સં. ની કલમ - ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | (૧) ધનસુખભાઈ મકનજીભાઈ વસાવા | ૦૩/૧૨/૨૦૨૫ | ૦૩/૧૨/૨૦૨૫ | બી.એન.એસ ની કલમ- ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨,૫૪ | નિર્દોષ | - | - |
| | (૨) ધર્મેન્દ્રભાઇ ધનસુખભાઈ વસાવા | ૦૩/૧૨/૨૦૨૫ | ૦૩/૧૨/૨૦૨૫ | | | | |

## -:: નમુના - સી :: -

### :: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે મૌખિક પુરાવા ::

### (એ) ફરિયાદપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :-

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૯ | ધનસુખભાઈ મકનજીભાઈ વસાવા | ફરીયાદી |
| ૨ | ૧૧ | રક્ષદાબેન ગંજીભાઈ વસાવા | સાહેદ |

(બી) બચાવપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

(સી) કોર્ટ તરફેના સાહેદોનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

:: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવા ::

(એ) ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | અસલ ફરીયાદ |

(બી) બચાવપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## :: જજમેન્ટ ::

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:–**

**(1)** ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ગંજીભાઈ મકનજીભાઈ વસાવા ઉ.વ.૩૮ રહે,સટવાણ ગામ ગમાણ ફળીયુ, તા.ઉમરપાડા, જી.સુરત નાનો ગઈ તા.૦૧/૧૨/૨૦૨૫ નારોજ સવારના

પોણા નવેક વાગેના સુમારે ચોખવાડા પ્રા.શાળામાં દિકરાને મુકી ઘરે આવતો હતો. તે વખતે આરોપી ધનસુખભાઇના ઘરે ઉભો રહેલ અને તેમના દિકરા આરોપી નં.૨ ધર્મેન્દ્રભાઇએ ફરીયાદીને ફોન કરી ખાળકુવો કેમ ખોદેલ તે માટે ફોન કરેલ જેથી ફરીયાદીએ આરોપી નં.૨ ધર્મેન્દ્રભાઇને આ બાબતે તમે ઘરે આવજો આપણે વાત કરશુ તેવી વાત કહી નિકળી ગયેલ. ત્યારબાદ સવારના સાડા નવેક વાગેના સુમારે આ કામના આરોપી નં.૧ ધનસુખભાઇ મકનજીભાઇ વસાવા અને આરોપી નં.૨ ધર્મેન્દ્રભાઇ ધનસુખભાઇ વસાવા નાઓ ફરીયાદીના ઘરની પાછળના ભાગે હાથમાં લાકડી લઇને આવી ફરીયાદીને કહેવા લાગેલ કે કેમ અમને ઘરે બોલાવ્યા અને આ ખાળકુવો કેમ ખોધ્યો તેમ કહી આરોપી નં.૧ ધનસુખભાઇએ ફરીયાદીને પકડી લીધેલ અને આરોપી નં.૨ ધર્મેન્દ્રભાઇના હાથમાં લાકડી હોય તે લાકડી વડે ફરીયાદીને જમણા પગના જાંઘ ઉપર લાકડીથી ત્રણ સપાટા મારી દિધેલ તથા આરોપી નં.૧ ધનસુખભાઇનાએ ઢીકામુક્કીનો માર મારી બન્ને આરોપીઓએ ફરીયાદીને નીચે પાડી ઢીકમુક્કીનો માર મારી નાલાયક ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબનો ગુનો કરેલ. જે મતલબની વિગતેની ફરિયાદ, ફરિયાદીનાઓ દ્વારા આપવામાં આવેલ છે. જે ફરિયાદના આધારે, ઉમરપાડા પોલીસ સ્ટેશને આરોપી વિરુધ્ધ ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

**(2)** પોલીસ અહેવાલ રજૂ થતાં, આરોપી સામેના ગુનાનું સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ કરવામાં આવેલ, જે અનુસંધાને આરોપી તેમના વિ.વ.શ્રી સાથે અદાલતમાં ઉપસ્થિત થયેલ છે. ત્યારબાદ ચાર્જશીટ મુજબના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, આરોપીને ગુના અંગેની સમજ આપી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલઅ–૨૭૪ મુજબ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી સદર તહોમતનામાની હકીકત સબ કલોઝ (૨) મુજબ આરોપીને વાંચી સંભળાવીને આંક–૦૫ અને આંક–૬ થી આરોપીનું નિવેદન નોંધેલ છે. જેમાં સદર આરોપીએ તેમની સામેના ગુન્હાનો

ઈન્કારીયત કરતા અને કેસ ચલાવવાની માંગણી કરતા આ કામ ફરીયાદપક્ષના પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ.

**(3)** ફરિયાદપક્ષ તરફે પુરાવા રજૂ કર્યા બાદ વિ.એપીપીશ્રી નાઓની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે પુરાવો બંધ થયાનું જાહેર કરતાં રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબનું નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોઈ સદર નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષની આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો સાંભળવામાં આવેલ છે.

**(4)** આ કેસની હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઇઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

## –:: મુદ્દાઓ ::–

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આ કામના ફરીયાદી ગંજીભાઇ મકનજીભાઇ વસાવા ઉ.વ.૩૮ રહે, સટવાણ ગામ ગમાણ ફળીયુ, તા.ઉમરપાડા, જી.સુરત નાનો ગઈ તા.૦૧/૧૨/૨૦૨૫ નારોજ સવારના પોણા નવેક વાગેના સુમારે ચોખવાડા પ્રા.શાળામાં દિકરાને મુકી ઘરે આવતો હતો. તે વખતે આરોપી ધનસુખભાઇના ઘરે ઉભો રહેલ અને તેમના દિકરા આરોપી નં.૨ ધર્મેન્દ્રભાઇએ ફરીયાદીને ફોન કરી ખાળકુવો કેમ ખોદેલ તે માટે ફોન કરેલ જેથી ફરીયાદીએ આરોપી નં.૨ ધર્મેન્દ્રભાઇને આ બાબતે તમે ઘરે આવજો આપણે વાત કરશુ તેવી વાત કહી નિકળી ગયેલ. ત્યારબાદ સવારના સાડા નવેક વાગેના સુમારે આ કામના આરોપી નં.૧ ધનસુખભાઇ મકનજીભાઇ વસાવા અને આરોપી નં.૨ ધર્મેન્દ્રભાઇ ધનસુખભાઇ વસાવા નાઓ ફરીયાદીના ઘરની પાછળના ભાગે હાથમાં લાકડી લઇને આવી ફરીયાદીને કહેવા લાગેલ કે કેમ

અમને ઘરે બોલાવ્યા અને આ ખાળકુવો કેમ ખોધ્યો તેમ કહી આરોપી નં.૧ ધનસુખભાઇએ ફરીયાદીને પકડી લીધેલ અને આરોપી નં.૨ ધર્મેન્દ્રભાઇના હાથમાં લાકડી હોય તે લાકડી વડે ફરીયાદીને જમણા પગના જાંઘ ઉપર લાકડીથી ત્રણ સપાટા મારી દિધેલ તથા આરોપી નં.૧ ધનસુખભાઇનાએ ઢીકામુક્કીનો માર મારી બન્ને આરોપીઓએ ફરીયાદીને નીચે પાડી ઢીકમુક્કીનો માર મારી નાલાયક ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબનો ગુનો કરેલ.

(૨) શું હુકમ?

**(5)** ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

## –:: નિર્ણય ::–

મુદ્દા નં. (૧) નકારમાં

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

**(6)** કોઇપણ ફોજદારી પ્રક્રિયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપીને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ના થાય ત્યાં સુધી આરોપીને સદર ગુનો ન કરેલ હોવાનું માની આરોપીએ કરેલ ગુનામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરુધ્ધ કરવામાં આવતા આક્ષેપો નિશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે, જે કોઇપણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચું બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું

માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરુધ્ધ હિમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઇએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઇપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહિત કૃત્યમાંથી છટકી જવો ન જોઇએ. સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ધણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગત્તા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરિયાદપક્ષના કેસ ઉપર કોઇ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગત્તા, વિસંગત્તા અને અતિરેક દરગુજર કરવા જોઇએ, પરંતુ આવા અતિરેક, વિસંગત્તાના કારણે ફરિયાદપક્ષના કેસના મૂળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઇએ.

---

**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૪૨ મુજબનો ફરિયાદપક્ષનો**

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવો**

**–:: ઓકયુલર એવીડન્સ ::–**

---

**(7)** આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદોની સોગંદ ઉપરની જુબાની અને તેઓની બચાવપક્ષ તરફેના વિ.વકીલશ્રી દ્વારા કરેલ ઉલટતપાસ નીચે મુજબ છે.

**(7.1)** ફરિયાદપક્ષે આંક–૦૯ થી ફરિયાદી ગંજીભાઈ મકનજીભાઇ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા. ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ સવારે સાડા આઠ વાગે સટવાણ ગમાણ ફળિયામાં મારા ઘરની પાછળ બનેલો. એ વખતે હું મારા ઘરમાં હતો

ત્યારે મારા ભાઈ ધનસુખભાઇ વસાવા અને ધર્મેન્દ્રભાઇ વસાવા મારા ઘરે આવેલા અને મને ઘરની પાછળ બોલાવેલો અને મને કહેલ કે મારા ઘરની જગ્યામાં કેમ ખાળકૂવો ખોદેલો છે તેમ કહી અમારા વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી ત્યારે લોકોનું ટોળું ભેગું થઇ ગયેલું જેમાં ધક્કા મુક્કીમાં મને સામાન્ય ઈજા થઇ ગયેલી. જેની સારવાર મે ઉમરપાડા સરકારી દવાખાને કરાવેલી. બનાવ અંગેની ફરીયાદ મે ઉમરપાડા પો. સ્ટે. આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે જોઇને કહું છું કે તેમાં ફરીયાદ આપનાર તરીકે મારી સહી છે જે ઓળખી બતાવું છું. ફરીયાદને રજુ દાખલ આંક-૧૦ આપવામાં આવે છે. સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોઇ, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા વિમુખ સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ હોવા છતાં ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેવો કોઇ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમારે આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કઈ બનેલું નહીં. આ કામના આરોપીઓએ માં-બહેન સમાન ગાળો આપી હોય કે ધાક-ધમકી આપી હોય તેવું બનેલ નથી.

**(7.2)** ફરિયાદપક્ષે આંક-૧૧ થી સાહેદ રક્ષદાબેન ગંજીભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા. ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ સવારે સાડા નવ વાગે સટવાણ ગમાણ ફળિયામાં અમારા ઘરની પાછળ બનેલો. એ વખતે અમો ઘરે હાજર હતા ત્યારે મારા જેઠ ધનસુખભાઇ વસાવા અને ધર્મેન્દ્રભાઇ વસાવા અમારા ઘરે આવેલા અને મારા પતિને ઘરની પાછળ બોલાવેલો અને મારા પતિને કહેલ કે મારા ઘરની જગ્યામાં કેમ ખાળકૂવો ખોદેલો છે તેમ કહી તેઓની વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી ત્યારે લોકોનું ટોળું ભેગું થઇ ગયેલું જેમાં ધક્કા મુક્કીમાં મારા પતિને સામાન્ય ઇજા થઇ ગયેલી. જેની સારવાર મારા પતિએ ઉમરપાડા સરકારી દવાખાને કરાવેલી. સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોઇ, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા વિમુખ સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ હોવા છતાં ફરીયાદ

પક્ષને મદદરૂપ થઇ શકે તેવો કોઇ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારા પતિને આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કઈ બનેલું નથી. આ કામના આરોપીએ મારા પતિને માં–બહેન સમાન ગાળો આપી હોય કે ધાક–ધમકી આપી હોય તેવું બનેલ નથી.

<u>**પુરાવાનું મૂલ્યાંકન ::–**</u>

**(8)** આમ, ઉપરોકત મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. ફરિયાદપક્ષે રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, આ કામના આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત એ છે કે, આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષે નિશંકપણે પુરવાર કરવો જોઇએ અને જયાં સુધી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર સાબિત ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવુ અનુમાન કોર્ટે કરવું જોઇએ. હાલના આ કેસ સંબંધિત ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ કરતાં ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઇ પણ કાનૂની સમપ્રિત નિયમો નથી. કારણ કે પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલીત છે. સાબિત તથા નાસાબિત શબ્દો વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યા છે. કોઇ હકીકતનું અસ્તીત્વ કે બિનઅસ્તીત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે. આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધિત કાનૂની જોગવાઇ લક્ષમાં લેતાં, આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસૂરવાન ઠરાવી શકાય, અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ ન હોય તો આરોપીને કસૂરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષના પુરાવાથી આક્ષેપિત ગુનો સાબિત કરે નાસાબિત થયેલાની પ્રક્રિયાએ પુરાવાનું મૂલ્યાંકનનો ભાગ છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહે છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહી

સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિત્તા જ દર્શવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

**(9)** પુરાવાના સ્વરૂપને લઇ, ન્યાયવિદો દ્વારા પુરાવાનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવે છેઃ–

- ➢ મૌખિક પુરાવો – દસ્તાવેજી પુરાવો
- ➢ સીધો પુરાવો – સાંયોગિક પુરાવો
- ➢ પ્રાથમિક પુરાવો – આનુષાંગિક પુરાવો
- ➢ કર્ણોપકર્ણ પુરાવો (hear–say evidence)
- ➢ પરોક્ષ પુરાવો (Derivative evidence)
- ➢ નિષ્ણાંતનો પુરાવો (Expert evidence)
- ➢ સંભવિત પુરાવો (Presumptive evidence)

**<u>રેકર્ડ પરના પુરાવાનું સમગ્રતયા મૂલ્યાંકન :–</u>**

**<u>મુદ્દા નંબર – ૦૧ તથા ૦૨ ની સંયુકત ચર્ચા :–</u>**

**(10)** સદર કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૦૯ થી આ કામના ફરીયાદી ગંજીભાઈ મકનજીભાઈ વસાવા નાઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, " બનાવ તા. ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ સવારે સાડા આઠ વાગે સટવાણ ગમાણ ફળિયામાં મારા ઘરની પાછળ બનેલો. એ વખતે હું મારા ઘરમાં હતો ત્યારે મારા ભાઈ ધનસુખભાઇ વસાવા અને ધર્મેન્દ્રભાઇ વસાવા મારા ઘરે આવેલા અને મને ઘરની પાછળ બોલાવેલો અને મને કહેલ કે મારા ઘરની જગ્યામાં કેમ ખાળકૂવો ખોદેલો છે તેમ કહી અમારા વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી ત્યારે લોકોનું ટોળું ભેગું થઇ ગયેલું જેમાં ધક્કા મુક્કીમાં મને સામાન્ય ઈજા થઇ ગયેલી. જેની સારવાર મે ઉમરપાડા સરકારી દવાખાને કરાવેલી." સદર બનાવની ફરીયાદ તેઓએ આપેલ જેની ફરીયાદ હકકીત વંચાણે લેતા આ કામના આરોપીએ હાલના ફરીયાદીને લાકડી વડે સપાટા મારેલ હોય, ઢીક્કા–મુક્કીનો માર મારેલ હોય, નાલાયક ગાળો આપેલ હોય, તથા જાન થી મારી નાખવાની ધાક ધમકી આપી હોય તેવી કોઈ હકીકત તેઓની સરતપાસમાં જણાવેલ નથી. જેથી

હાલના ફરીયાદી/ઈજા પામનાર નાઓ ફરીયાદ હકીકતને લેશ માત્ર સમર્થન કરેલ ન હોય તેઓને વિમુખ સાહેદ જાહેર કરી તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાગી આપવા છતા ફરીયાદપક્ષ કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમજ બચાવપક્ષ દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓએ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી એ સિવાય કઈ બનેલુ નહીં, આ કામના આરોપીએ માં-બહેન સમાન ગાળો આપેલ હોય એ જાન થી મારી નાખવાની ધાક-ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. આમ, સદરહું ફરીયાદની અનુસાર આ કામના આરોપીએ આંક-૧૦ વાળી ફરીયાદ હકીકત મુજબ ઢીક્કા-મુક્કી કે માર મારેલ હોય કે ગાળો આપેલ હોય કે ધમકી આપેલ હોય તેવી હકીકત કોઈ ફરીયાદી/ઈજા પામનાર નાઓનું સમર્થન પ્રાપ્ત થયેલ નથી. વધુમાં આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ બનાવ સમયે તેમની સાથે તેમના પત્નિ રક્ષદાબેન ગંજીભાઈ વસાવા નાઓ હાજર હતા. આમ, આ સાહેદનો પુરાવો મહત્વનો બની રહે છે.

ફરીયાદપક્ષ દ્ધારા આ કામે આંક-૧૧ થી રક્ષદાબેન ગંજીભાઈ વસાવા જેવો બનાવ સમયે ફરીયાદી/ઈજા પામનાર સાથે હતા. સદર સાહેદનો સોગંદ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો સદર સાહેદે ફરીયાદ હકીકતને લેશ માત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિદ્ધાન એ.પી.પી.શ્રી. દ્ધારા તેઓને વિમુખ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ હોવા છતા ફરીયાદપક્ષ દ્ધારા કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નહીં. સદર સાહેદની બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો માત્ર આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી એ સિવાય કઈ બનેલ નથી અને આરોપીએ કોઈ ગાળો આપેલ હોય કે ધાક-ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. આમ, ફરીયાદી/ઈજા પામનાર સાથે બનાવ સમયે નજરે જોનાર સાહેદ કે જેઓને આંક-૧૧ થી ફરીયાદપક્ષ દ્ધારા સોગંદ પર તપાસવવામાં આવેલ છે. જેઓએ લેશ માત્ર ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. વધુમાં આ કામના ફરીયાદી દ્ધારા તેઓને વધારે પુરાવો રજૂ કરવો નથી એ સબબની કલોઝીગ પુરસીસ જાહેર કરેલ છે. જેથી રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા આરોપીએ ફરીયાદીની ઢીક્કા-મુક્કીનો માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે નાલાયક ગાળો આપી હોય તેઓ પુરાવો

ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ સદર કામે ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ અનુસાર ફરીયાદપક્ષ પરનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે. જે હાથ પરના કેસને જોતા ફરીયાદી જ ફરીયાદની હકીકતથી વિપરીત અને વિરુધ્ધની જુબાની આપતા હોય તે સંજોગોમાં આ કામે અન્ય સાહેદોને તપાસવવામાં આવેલ નથી. નામદાર સુપ્રીમકોર્ટ દિલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩), ક્રાઇમસ સુપ્રીમ કોર્ટ પાના નંબર- ૮૫ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા જયારે રજૂ થયેલા પુરાવા પરથી કેસનો અંત સજામાં પરીણમશે નહીં તેમ જણાય તો કોર્ટનો કિંમતી સમય ટ્રાયલની પ્રક્રીયા પુરવાર કરવામાં વેડફવો જોઇએ નહીં. તેવા સંજોગોમાં સદરહું કામમાં સબસ્ટેન્શીયલ પુરાવો નોંધવામાં આવેલ છે. આમ, સદરહું કેસ રેકર્ડ પરનો પુરાવો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ મુકેલ તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય, આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૧૫(૨),૩૫૧(૩),૩૫૨, ૫૪ મુજબનો ગુનો સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

<u>**ઉપસંહાર :-**</u>

**(11)** આમ, આ કામે રેકર્ડ પરના સમગ્ર પુરાવાઓનું બારીકાઇથી મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામના આરોપીએ ગઈ તા.૦૧/૧૨/૨૦૨૫ નારોજ આ કામના આરોપી નં.૧ ધનસુખભાઇ મકનજીભાઇ વસાવા અને આરોપી નં.૨ ધર્મેન્દ્રભાઇ ધનસુખભાઇ વસાવા નાઓ ફરીયાદીના ઘરની પાછળના ભાગે હાથમાં લાકડી લઇને આવી ફરીયાદીને કહેવા લાગેલ કે કેમ અમને ઘરે બોલાવ્યા અને આ ખાળકુવો કેમ ખોધ્યો તેમ કહી આરોપી નં.૧ એ ફરીયાદીને પકડી લીધેલ અને આરોપી નં.૨ ના હાથમાં લાકડી હોય તે લાકડી વડે ફરીયાદીને જમણા પગના જાંઘ ઉપર લાકડીથી ત્રણ સપાટા મારી દિધેલ તથા આરોપી નં.૧ એ ઢીકામુક્કીનો માર મારી બન્ને આરોપીઓએ ફરીયાદીને નીચે પાડી ઢીકમુક્કીનો માર મારી નાલાયક ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબનો ગુનો કરેલાનુ રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો

ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ, **મુદ્દા નં. (૦૧) નો નિર્ણય નકારમાં** આપી **મુદ્દા નં.(૦૨)** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આ ખ રી હુ ક મ ::-

**(1)** આ કામના આરોપી - (૧) ધનસુખભાઈ મકનજીભાઈ વસાવા. રહે. સટવાણ ગામ, ગમાણ ફળીયું, તા.ઉમરપાડા, જિ. સુરત. તથા (૨) ધર્મેન્દ્રભાઇ ધનસુખભાઇ વસાવા. રહે. સટવાણ ગામ, ગમાણ ફળીયું, તા.ઉમરપાડા, જિ. સુરત. નાઓને તેઓની સામેના ગુના બી.એન.એસની કલમ-૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબના ગુનામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) મુજબ અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(2)** આરોપીઓના અગાઉના જામીન તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે. આ કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧(૧) અન્વયે દરેક આરોપીએ રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન અપીલ પીરીયડ સુધીના રજૂ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૪મી, માહે મે, સને - ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૪/૦૫/૨૦૨૬
સ્થળ : ઉમરપાડા, જિ.સુરત

( વિપુલભાઇ નાગરભાઇ પટેલ )
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉમરપાડા, જિ.સુરત ( જીજે૦૧૭૬૬)